September 2025

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 20 • Issue 12 / 235

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર • Mumbai • Page 32 • Price Rs. 2/-
• PRGI. Regd. No. MAHGUJ/2006/18379

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • Email : patanmandal@gmail.com
www.patanmandal.org



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

**મારા સ્નેહી પરિવારજનો,**
**પ્રણામ !**
**આપ સહુની ક્ષેમકુશળતા ચાહું છું.**

**થોમસ કાર્લાઈકલ** નામના એક પત્રકારનુ એક પુસ્તક મારાં હાથમા આવ્યું, પાનાં ફેરવતા નજર પડી નબળા મનનાં માનવીને ટટ્ટાર કરીને અરબી ઘોડાની જેમ દોડતો કરી દે તેવી વાણી તેમનાં વિચારોમાંથી પ્રગટ થતી હતી. તેઓ કહેતા કે, **''આદમી માટે અડચણરૂપ બને છે તેજ પત્થરની ચટ્ટાન પણ શકિતશાળી માણસો માટે સફળતાની નીસરણી બની જાય છે. ક્ષિતિજમાં રહેલી તકો ત્યારે જ અંબાય છે કે જયારે તમારી અંદર રહેલી શકિતને લગાડીને જે કામ હાથમાં આવે તે કરીને ચાલતા રહો, ચાલતા રહો.....ચાલતા રહો.''**

***"Woods are lovely dark and deep***
***But I have to promises to Keep***
***And Miles to go before I Sleep***
***And Miles to go before I Sleep."***
***- Robort Frost***

મિત્રો ! મારી સાથે મારી ટીમ બસ આ જ ધ્યેય સાથે સતત મહેનત કરીને આપણાં સમૃદ્ધ પાટણ સમાજને અન્ય સમાજોની વચમાં એક નવી ઊંચાઈ પર લઈ જવા કાર્યરત છે. સમાજમાં નિતનવાં કાર્યક્રમોની વણઝાર તો ચાલુ જ છે. સામાજિક, મનોરંજન, સાધર્મિક, શૈક્ષણિક, ધાર્મિક યાત્રા પ્રવાસ જેવા અનેક કાર્યક્રમોનાં સફળતાપૂર્વકનાં આયોજનો દ્વારા સમાજના લોકો એકબીજાની વધુ ને વધુ નજદીક આવી ગયા છે.

આપણી આજ અને આપણી ગઈકાલ એવી ઇંટો છે, જેના વડે આપણે આપણી આવતીકાલનું ચણતર કરીએ છીએ. એક પછી એક ક્રમવાર આપણાં ધારેલાં પ્રોજેકટો પર તન, મન, ધનથી અને સમાજનાં આપણાં કલ્યાણ મિત્રોનાં સાથ-સહકારથી સફળતાની મંઝિલ પર આગળ વધી રહયાં છીએ.

મને જણાવતાં ઘણો આનંદ થાય છે. પાટણ ખાતે નવનિર્મિત **TDSV સ્કૂલે** બીજાં વર્ષમાં પ્રવેશ કર્યો છે. પહેલાં વર્ષમાં ૨૨૫ વિદ્યાર્થિઓ હતા, અત્યારે ચાલુ વર્ષે ૫૨૫ વિદ્યાર્થિઓ સ્કૂલમાં અદ્યતન તાલીમથી શિક્ષણ લઈ રહયાં છે. અમારું એક સ્વપ્ન છે કે **TDSV WELL EQUIPPED** સાથે હજુ વધારે આધુનિક બનાવીએ જેથી આપણી સ્કૂલમાં ભણતાં વિદ્યાર્થિઓનું ભવિષ્ય ઉજ્જવળ બને, આપણી સ્કૂલનું અને પાટણનું નામ રોશન કરે, તેવા હેતુથી બીજા નવાં કલાસની જરૂર છે. હવે બીજા નવા ચાર ક્લાસ બનાવી રહ્યા છીએ. આ સાથે એક ૫૦૦૦ સ્કે.ફીટ નો મોટો હોલ પણ બનાવી રહ્યાં છીએ. તે ઉપરાંત સ્કૂલની જરૂિરયાત મુજબની ઈલેક્ટ્રીક પાવર માટે સોલાર સીસ્ટમ મૂકી રહયાં છીએ. આપણે સહુએ આનંદ અને ગર્વની લાગણી થાય તેવી ખાસ પ્રશંસનીય બાબત એ છે કે,

Cont. page 2

માઁ સરસ્વતીનાં આર્શીવાદથી આપણને દિલાવર દાતાઓ મળી ગયા છે. સમગ્ર પટણીઓ આ દાતાઓની અનુમોદના કરે છે અને આભારની લાગણી વ્યકત કરે છે. દાતાઓના નામ અને દાનની રકમ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| **૧)** | **હોલના દાતાશ્રી - શ્રી હરેશભાઈ બાબુલાલ શાહ (વખતજી ની શેરી)** | **રૂ. ૩૦ લાખ** |
| **૨)** | **સોલારના દાતાશ્રી - શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ પટેલ (બરોડા)** | **સ્કૂલનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી રૂ. ૩૦ લાખ** |
| **૩)** | **એક કલાસરૂમના દાતાશ્રી - શ્રી હસમુખભાઈ ગડેચા - અમદાવાદ** | **ભૂતપૂર્વ વિદ્યાર્થી રૂ. ૭ લાખ** |
| **૪)** | **એક કલાસરૂમના દાતાશ્રી - શ્રી નરેશભાઈ શાહ - મુંબઈ - મુજપુરવાલા -** | **ભૂતપૂર્વ વિદ્યાર્થી રૂ. ૭ લાખ** |
| **૫)** | **એક કલાસરૂમના દાતાશ્રી - શ્રી અલ્પેશભાઇ જૈન - મકરાણાં - દિયોદરવાળા -** | **ભૂતપૂર્વ વિદ્યાર્થી રૂ. ૭ લાખ** |
| **૬)** | **એક કલાસરૂમના દાતાશ્રી - શ્રી તેજપાલભાઇ પટવા - ઊંઝા -** | **ભૂતપૂર્વ વિદ્યાર્થી રૂ. ૭ લાખ** |

સંસ્થા ઉપરના ૬ દાતાશ્રીઓએ આપેલ દાનની ખૂબ ખૂબ અનુમોદના કરે છે. આ હોલ અને કલાસરૂમ સાથે સોલાર માટે ઓર્ડર અપાઈ ગયેલ છે. ને ડિસેમ્બર -૨૦૨૫નાં રોજ દાતાશ્રીઓનાં કરકમળ દ્વારા ઓપનીંગ કરવાનું નક્કી કર્યું છે.

દેવ-ગુરુની કૃપાથી લોનાવાલા નવગ્રહ જિનાલાયમાં બિરાજમાન થનાર **શ્રી મલ્લિનાથ ભગવાનના** ચોથા ભાગના **દાતાશ્રી ભોગીલાલ રામચંદ્ર શાહ (જાફુજીવાલા), હસ્તે - શ્રી ચિંતનભાઈ નિતિનભાઈ શાહ** (તંબોલીવાડો) **રૂ. ૩૧.૫૦ લાખમા** લાભ લીધો છે. **શ્રી ચિંતનભાઈની ખુબ ખુબ અનુમોદના.** હવે લોનાવલામાં શ્રી લબ્ધિનાં ભંડાર એવા **શ્રી ગૌતમસ્વામી ભગવાનનો** આદેશ **રૂ. ૬૩ લાખમાં** અથવા બે નામમાં આપવાનો બાકી છે. એક **પાર્શ્વયક્ષનો લાભ** એક દાતાશ્રીએ લીધો છે. **બીજા રૂ. ૩૧.૫૦ લાખમા લાભ લઈ શકશે, મણિભદ્રવીર દેવનો પણ રૂા. ૩૧.૫૦ લાખમા બીજા નામમાં લાભ લઈ શકશે,** જેમને રસ હોય તેઓ તુરંત જ જણાવશો.

આ ઉપરાંત **ચોધરીની શેરીના મહોલ્લાના ટ્રસ્ટીઓ તરફથી દેવદ્રવ્યમાં રૂા. ૧૧.૭૦ લાખનો લાભ લીધો છે તેની અનુમોદના.**

લોનાવલા જિનાલયનાં કામ માટે શિલ્પીઓનું કામનું ચાલુ થઈ ગયું છે. આ કામ માટે મારી સાથે **શ્રી ધર્મેશભાઈ જશવંતભાઈ શાહ** અને **શ્રી જીગર ગીરીશભાઈ શાહ** બન્ને તા. ૧૭/૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ બે દિવસ જયપુર અને મકરાણા મુલાકાતે આવ્યાં હતા. સાથોસાથ અત્યારસુધી થયેલ પ્રગતિનો રીપોર્ટ મેળવ્યો તે સંતોષકારક જણાવ્યો છે, તેમજ શિલ્પકારો પાસેથી આગામી કામોની વિસ્તૃત ચર્ચા-વિચારણાઓ કરી નિર્ધારિત અવધિમાં કામ પૂર્ણ કરવા અંગે નક્કી કરવામાં આવ્યું.

એક સારા સમાચાર એ છે કે લોનાવલાનો પ્લોટ **NA** થઈને આવી ગયો છે. **Final Approval** માટે મોકલી આપ્યો છે. એ તરત જ મંજૂર થઈને આવી જશે કે આપણો પ્રોજેકટ જોરશોરથી યુધ્ધનાં ધોરણે શરૂ થઈ જશે. આ ભગીરથ કામ શ્રી શંખેશ્વરદાદાની અસીમ કૃપાથી દોઢ વર્ષમાં પૂરૂ થઈ જાય, તેવી પ્રાર્થના કરીએ. માર્ચ-૨૦૨૭ સુધીમાં આપણે ઉત્સાહ અને ઉમંગથી ઓપનીંગ કરી શકીએ તેવી ભાવના છે.

**સૌરભ મેડિકલના પ્રોજેકટમાં** નવા બિલ્ડીંગનું કામ ઝડપથી ચાલી રહયું છે. જો સમયસર ડિસેમ્બર સુધીમાં પઝેશન મળી જાય તો સાથે સાથે ફર્નિચરનું કામ જુન સુધીમાં પુરું થાય તો ઓપનીંગ કરવાની તૈયારી છે.

**અયોધ્યા, વારાણસી યાત્રાપ્રવાસમાં** આપ સહુએ મન મૂકીને જે રીતે પ્રતિસાદ આપ્યો છે. તે અનુમોદનીય અને પ્રસંશનીય છે. મોટી સંખ્યામાં ફોર્મ ભરાઈને આવ્યાં છે, અમે લકી ડ્રો દિવાળી પહેલાં કરી લેવાનાં છીએ. જેનો નંબર લાગશે તેને અમે જાણકારી આપીશુ જેથી યાત્રિકો પોતાનું પ્લાનીંગ વ્યવસ્થિત કરી શકે અને સિલેક્ટ થયેલ યાત્રિકોને સંપૂર્ણ રૂપરેખા આપવામાં આવશે.

**તા. ૨ નવેમ્બર,રવિવારનાં રોજ નવાં વર્ષની ઉજવણી** નિમિતે, સહુની સાથે હળી-મળીને ગમતાંનો ગુલાલ કરવા, નવાં વર્ષને આવકારવા, એકબીજાને શુભેચ્છા આપવા ગરવારે કલબના હોલમાં સાંજના ૪ થી ૭ દરમ્યાન આપણે સહુ મળી રહયાં છીએ. મિત્રો ! આપણે આ બે મહિના દરમ્યાન નિતનવાં કાર્યક્રમોની વણઝાર લઈને આવ્યાં છીએ. આપ સહુને વિનંતી છે કે પ્રતિબિંબમાં આવતા દરેક કાર્યક્રમોની તારીખ નોંધી લેશો. તમારી આજુબાજુ કોઈક સભ્યને પ્રતિબિંબ ન મળતું હોય તો તેમને જણાવશો.

**એશિયા કપ બાસ્કેટ બોલની ભારતીય ટીમમાં શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી બી.ડી.એસ. વિદ્યાલયની કુ. ડીનલ વિઠાણીએ ભાગ લઈ સમગ્ર સ્પર્ધામાં ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી ભારતીય ટીમને ફાઈનલમાં વિજય અપાવ્યો છે તે બદલ અભિનંદન પાઠવું છું.**

મારાં પ્યારાં સ્વજનો ! જીવનમાં એ જોવાની જરૂર નથી કે કોણ આપણી આગળ છે ને કોણ આપણી પાછળ ? પણ એ જોવાની જરૂર છે કે આપણી સાથે કોણ છે ? અને આપણે કોની સાથે છીએ. જોડાવું એ મોટી વાત નથી પણ જોડાઈ રહેવું એ મોટી વાત છે. મને જણાવતાં આનંદ થાય છે કે આપણાં ઉદાર દિલનાં દરિયાવર એવાં શ્રેષ્ઠિવર્ય શ્રી રાકેશભાઈ કાંતિલાલ શાહે ભાઈબીજ સ્નેહસંમેલન નિમિત્તે સહયોગી દાતા બનીને શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહના નામથી રૂ.૫૧ લાખની માતબર રકમનું દાન આપીને સાથે જોડાયા છે. તેમને સમગ્ર પાટણ સમાજ તરફથી અભિનંદન.



**“Working together, Works out Mirecals”**
**Wish you all Happy Navrartri, Happy Dashera.**





# દુ:ખ કેમ લાગે છે ?

## તંત્રી સ્થાનેથી...

**ભારતી શાહ**



માણસમાં હંમેશા જયારથી બુધ્ધિનો વિકાસ થયો છે, સમજણ આવી છે, ત્યારથી ઈચ્છાઓની માળા હૃદયમાં ધારણ કરી લીધી છે. **આશા અને અપેક્ષાઓના બે હલેસા વડે પોતાની જીવન નૈયા હંકારવા માટે તે પોતે જ પોતાનો નાવિક બની ગયો છે. માણસને સુખ, સુખ ને બસ સુખ જ જોઈએ છે એટલે સુખની ભૂખ વધતી જાય છે.** માણસ ભૂલી ગયો છે કે **સર્જનહારે દરેક માણસની શકિત કરતા પણ વધારે અગણિત વસ્તુઓ નિ:શુલ્ક આપી છે** તેમ છતાં માણસ મંદિરે મંદિરે અઠવાડિયાનાં વાર પ્રમાણે યાચક બનીને દોડયાં જ કરે છે. ભગવાનને ખુશ કરવા રાજી કરવા મેવા, મિઠાઈ, ફળ, ફૂલોનાં દ્રવ્યો લઈને જાય છે. **''એક હાથેથી હું ભેટ આપું, તો બીજા હાથે તું મને ભેટ આપ, મારું મનગમતું મને મળી જાય તેવા આશીર્વાદ આપ,''** ની માગણીનો સંબંધ તો ચાલુ જ રાખે છે અને જયારે તેમાં નિષ્ફળતા મળે છે, પોતાને મનગમતું મળતું નથી ત્યારે ઈશ્વરને ફરિયાદ કરવા માટે કંઈ જ બાકી નથી રાખતો. ઈશ્વરે મને એકલા ને પજવવામાં કશું બાકી રાખ્યું જ નથી. મારાં બધાં જ સગાં સબંધીઓ બંગલા અને મોટરગાડીમાં ફરે છે. એ તો કોઈ મંદિરમાં જતાં જ નથી કે નથી તમને યાદ કરતાં, તો પણ સુખી છે અને હું દુ:ખી કેમ ?

**તો આ જિંદગી કેવી છે ?** આપણે જેવી માનીએ તેવી. કેમકે માણસ માત્ર સુખની શોધમાં છે. એને સુખ અને પ્રશંસાની તરસ છે, પદ, પ્રતિષ્ઠા, પૈસો જોઈએ છે જેથી પણ સમાજમાં તેનું નામ ધનવાનોની યાદીમાં આવે. એ જયાં જાય ત્યાં પૈસાના પ્રભાવથી લોકો તેને માનપાન આપે. આગલી હરોળમાં મોખરાનું સ્થાન મળે. પણ માફ કરજો..... આવી બાબતોથી મળતું સુખ પણ કયાંરેક ક્ષણિક છે. આ સુખની કોઈ ગેરંટી નથી. **સુખ કયારેય ખરીદી શકાતું નથી.** સુખ-દુ:ખની લાગણી એ દરેક વ્યકિતની અંગત લાગણી છે. **સુખમાં રહેવુ એ એક કલા છે અને વિજ્ઞાન પણ છે. સુખમાં રહેવાના શાશ્વત નિયમો છે જે માણસે પારખવા પડે છે.**

**ઈશ્વરે માણસનુ ઘડતર ધરતીને શ્રેષ્ઠ માણસ મળે, એ માટે કર્યુ છે પણ માણસને ઘડવાની પરીક્ષામાં ઈશ્વર નાપાસ થયો છે** તેમ માની લેવાની ભૂલ નહિ કરતા. ઘણાં એવા શ્રેષ્ઠ માણસો છે કે તેઓએ સુખ-દુ:ખની પરવા કર્યા વગર ઈશ્વરે બતાવેલા પથ પર ચાલીને સંત, મહાત્મા, તરીકે પોતાનું નિજ જીવન તો ઉત્તમ બનાવીને અન્ય નબળા મનના માણસોને સુખી કરવાનાં તમામ પ્રયત્નો અને પુરુષાર્થ તો કરે જ છે. તેઓ સતત બોધ આપતાં જ રહે છે. સુખ-દુ:ખના ભ્રામક ખ્યાલોમાંથી બહાર આવો, આશા અને અપેક્ષાઓને છોડતાં શીખી જાવ તો સાચું સુખ મળશે. **આ શ્રેષ્ઠ માનવ જન્મ સુખી રહેવા અને બીજાને સુખી કરવા માટે જ મળ્યુ છે.** સર્વથા સહુ સુખી થાઓ, સહુનું કલ્યાણ થાઓ તેવા આશીર્વાદ આપતાં જ રહે છે.

**સત્ય તો એ છે કે માણસે પોતે જ પોતાનું દુ:ખ જાતે જ ઊભુ કર્યું છે.** જે માણસ બીજી વ્યકિતને સુખી જોઈ શકતો નથી, **સતત અસંતોષ, ઈર્ષા, અદેખાઈ, વેર-ઝેરને બદલો લેવાની ઈચ્છા રાખે છે તેને દુ:ખ જ મળે છે.** તેને તેનો સ્વાર્થી સ્વભાવ નડે છે. સુખની વધારે પડતી અપેક્ષા જ એને દુ:ખી બનાવે છે. પોતાને મનગમતું ન થાય કે તે તરત જ દુ:ખી. જો આ દુનિયામાં સર્વે કરવામાં આવે તો કોઈપણ માણસ એવો તો નહીં જ મળે કે છાતી ઠોકીને કહે કે, **''મારાં જીવનમાં કયાંરેય કોઈ દુ:ખની પળ આવી નથી.''** ઈશ્વરે તો માત્ર સુખ આપીને જ મોકલ્યાં છે. માણસે જાતે જ દુ:ખની લાગણી ઉભી કરી છે. પરંતુ કયાંરેક અભિશાપ લાગતું દુ:ખ સમયાંતરે સુખનું વરદાન બનીને સામે આવે છે. માણસનું જીવન તો બારમાસી ૠતુ જેવું છે. ૠતુઓ માણસ પાસેથી કંઈક માગે છે, **તમે સાચા માણસ બનો. ઈન્સાન બનો. સુખ-દુ:ખનાં બે પૈડાં પર આપણી ગતી છે.** તે બંને આપણાં જીવનનાં ઘડવૈયાં છે. જેમ શિલ્પીનાં ટાંકણે જ પથ્થરને પ્રતિમાનો દરજ્જો મળે છે એમ દુ:ખ એ આપણી પ્રતિભા નિખારતો ટાંકણો છે. સુખદુ:ખનાં આધારે જીવનની મૂલવણી ના કરાય.

એક શેઠને ચાર પુત્રો હતા. એ શેઠ ઈચ્છતો હતો કે તેનાં મૃત્યુ પહેલા પુત્રો સુખ દુ:ખને પચાવી જાણે. તે માટે એક અતિ મહત્વનો પાઠ શીખી લે. એને એક વિચાર આવ્યો. ચારે પુત્રોને વારાફરતી એક શોધયાત્રા પર મોકલ્યા. દૂર દૂરનાં પ્રદેશોમાંથી એક પ્રાચીન જાજરમાન વૃક્ષ શોધવાનું હતું. પહેલો પુત્ર શિયાળામાં ગયો. બીજો વસંત સમયે, ત્રીજો ઉનાળામાં, અને ચોથો સૌથી યુવાન પુત્રનો વારો આવ્યો પાનખર ૠતુમાં તેઓ સૌ સાથે પાછાં ફર્યાં બાદ પિતાજીને જણાવ્યું કે મોટા પુત્રે જોયેલું વૃક્ષ બેડોળ વાંકુચુંકુ હતું.

બીજાએ કહયું; ના,ના તેના પર તો કેટલી બધી લીલી કૂંપળો હતી. એ વૃક્ષ તો આશા અને શ્રધ્ધા સમાન હતું.

ત્રીજા પુત્ર એ કહયું કે, અરે, એ વૃક્ષ તો સુગંધીદાર પુષ્પોથી લદાયેલું હતું અને કેટલું સુંદર લાગતું હતું ! આજ સુધી મેં કયારેય આટલું જાજરમાન વૃક્ષ જોયું નથી.

ચોથા પુત્રે કહયું; હું મારાં એકેય ભાઈ સાથે સહમત નથી. એ વૃક્ષ તો ફળોથી ભરેલું અને તેનાં ભારથી ઝુકી ગયેલું જણાતું હતું. ભરપૂર જીવન જીવી લીધુ હોય એવી જીવંતતા અને પરિપકવતાથી સભર એ વૃક્ષ સંતુષ્ટ દેખાતું હતું.

આ બધાં પુત્રોનાં અભિપ્રાય જાણી ને શેઠ બહુ રાજી થયા. તેમણે પુત્રોને સંબોધતા સમજાવ્યું કે, **''તમે બધાં તમારી દ્રષ્ટિથી સાચા છો.તમે એ વૃક્ષના જીવનની એક અલગ અલગ ઋતુઓ જોઈ છે. પણ માણસને એના જીવનમાં આવનારા આનંદ, શોક, સુખ, દુઃખ,પ્રેમની લાગણી જીવંત રાખે છે. એ જ આપણા જીવનના સાચા ઘડવૈયા છે. તેનાથી ભાગી જવાની ભૂલ ન કરવી.''**

દુઃખમાં અકળાવવું નહી. સુખ સવાર જેવું છે, માગો તો ન મળે જાગો તો મળે.!!

**સર્વથા સહુ સુખી થાઓની ભાવના સાથે....**

* * * * * * *

## ઝેન કથા

એક સદ્‌ગુરુ પાસે એક યુવાન કંઈક શીખવા અને શોધવા આવ્યો. તેના પ્રશ્નોની શૃંખલા લાંબી હતી. તેની જિજ્ઞાસા ગહન હતી અને આવ્યો ત્યારે રાત પડી ગઈ હતી તેથી સદ્‌ગુરુએ કહ્યું કે, ''રાત અંધારી છે, તને ભય નથી લાગતો ?'' તે યુવકે કહ્યું - ''તમને બરાબર જાણ થઈ ગઈ, મને ભય લાગે છે, ગામ સુધીનો રસ્તો પાર કરતાં વચ્ચે ગાઢ જંગલ આવે છે, તેમાં માણસખાઉ જાનવરો છે.''

ગુરુએ કહ્યું - ''કાશ, હું તને સાથ આપી શકત, પરંતુ આ જગતમાં બધા જ એકલા છે, તારા ગામ સુધીનો રસ્તો અડચણ ભરેલો છે, તારા ભટકી જવાની સંભાવના પૂરી છે. પરંતુ કાશ, આ જગતમાં કોઈ કોઈને સાથ આપી શકતું હોત. યુવાનને ખૂબ નવાઈ લાગી કે બચવા માટે ગુરુ કેવી યોજના બનાવી રહ્યા છે. તેઓ ઈચ્છે મને સાથ આપી શકે છે, તેમના માટે તો જંગલ પરિચિત છે તેઓ અહીં ઝૂંપડી બાંધીને રહે છે, પરંતુ કંઈ પણ કહીશ તો અશિષ્ટતા જણાશે, અભદ્રતા જણાશે તેથી તે ચૂપ રહ્યો.

પછી ગુરુએ કહ્યું - ''હું એક કામ કરી શકું છું, તને દીવો આપી શકુ છું, રાત અંધારી છે, આ પ્રકાશ તું લઈ જા.'' તેણે યુવકને દીવો આપ્યો. યુવકે વિચાર્યું - આ પણ ઘણું છે કાંઈ ન હોવા કરતા આ પણ સારું. ડૂબનારને તણખલું પણ આધાર રૂપ થાય, રસ્તો ક્યાં છે, એટલું તો અંધારામાં જોઈ શકીશ. પરંતુ જેવો તે પગથિયા ઉતરવા લાગ્યો, સદ્‌ગુરુએ ફૂંક મારી અને એનો દીવો બુઝાવી નાખ્યો. યુવકે પૂછ્યું - ''તમે આ શુ કર્યું ? તમે આ કેવી મશ્કરી કરો છો ?'' ગુરુએ કહ્યું - ''બીજાઓએ આપેલ દીવાઓ કામ ન આવે.

## ''સંપત્તિ આપીને આનંદ પામે છે શ્રીમંત<br>સંપત્તિ દાટીને આનંદ પામે એ છે દરિદ્ર..''

જેઓ સંપત્તિનો સંગ્રહ ન કરતા તેને દાન માર્ગે વહાવે છે એને ખુદને દાનના ફળરૂપે લાખો જરૂરિયાતમંદોના આશીર્વાદ અને પરલોકમાં સદ્‌ગતિ પ્રાપ્ત થાય છે. તો એનો લાભ લેનારાઓને સુવિધાઓની પ્રાપ્તિ - ચિંતાઓમાં રાહત - ખુશી જેવી ઉપલબ્ધિઓ થાય છે. આ રીતે સંપત્તિનું દાન બન્ને પક્ષને લાભદાયી હોવાથી દાન આશીર્વાદ રૂપ છે. જેઓ આ તથ્ય બરાબર સમજે છે તેઓ સંપત્તિના સંગ્રહનો નહીં, બલ્કે દાનનો કેવો સરસ અભિગમ ધરાવે છે.

પ્રતિબિંબના વાચક મિત્રોના કરકમળમાં 'દાનેશ્વરી' તરીકે પંકાયેલ મહાભારતના રાજા કર્ણનો આ હૃદયસ્પર્શી પ્રસંગ મૂકતા આનંદની લાગણી અનુભવાય છે.

રાજા કર્ણને દાનધર્મ ખુબ પ્રિય હોવાથી, દાનવીર કર્ણ તરીકે એનું નામ ઈતિહાસમાં પ્રસિદ્ધ છે. સમગ્ર જીવન દરમ્યાન એણે ક્યારેય કોઈ યાચકને નિરાશ કર્યો ન હતો. કુરુક્ષેત્રના યુદ્ધમાં અર્જુન દ્વારા પરાસ્ત થયા બાદ કર્ણ રણભૂમિમાં અંતિમ શ્વાસ લઈ રહ્યો હતો. રાત્રીનો પ્રારંભ થયો હોઈ યુદ્ધ સ્થગિત હતું. આ સમયે શ્રીકૃષ્ણ અર્જુનને સાથે લઈ બ્રાહ્મણના વેશમાં કર્ણ પાસે પહોંચ્યા. શ્રી કૃષ્ણ અર્જુનને કર્ણની બે અદ્‌ભુત વિશેષતાઓથી માહિતગાર કરવા ચાહતા હતા.

બ્રાહ્મણવેશી શ્રી કૃષ્ણે કહ્યું, ''કર્ણરાજ! તમે દાનેશ્વરી છો, સમજીને અમે તમારી પાસેથી કંઈક પામવા આવ્યા છીએ. છેલ્લા શ્વાસ લઈ રહેલ કર્ણનું હૃદય કરૂણાથી ભરાઈ ગયું. આ ક્ષણે મારી પાસેથી કોઈ દરિદ્ર ખાલી હાથે ન જવો જોઈએ આ એના વિચારો હતા. દેહ પર અલંકાર જેવી કોઈ ચીજ ન હતી. અચાનક કાંઈક યાદ આવતાં કર્ણએ બાજુમા પડેલું પોતાનું બાણ લીધુ અને પોતાના મુખમાં એનો જોરથી ઘા કરતા દાંતમાં જડાવેલ સુવર્ણની રેખા બહાર આવી ગઈ.

કર્ણે એ આપતા કહ્યું; લ્યો ભુદેવ! અત્યારે મારી પાસે આ જ છે, કૃષ્ણે ઈન્કાર કરતા કહ્યુંઃ 'આવી અસ્વચ્છ સુવર્ણરેખા અમે ન લઈએ' કર્ણે હતું એટલું બળ એકત્ર કરી સૂતા સૂતા જ ધરતીમાં એવું બાણ માર્યું કે અંદરથી જળનો ઝરો પ્રગટ્યો એમાં સ્વચ્છ કરીને કર્ણે ભુદેવને સુવર્ણરેખા આપી! કૃષ્ણે અર્જુનને ઈશારાથી સમજાવ્યું કે જીવનની અંતિમ ક્ષણોમાં ય કર્ણનું આ દાનેશ્વરી તરીકેનું ધનુર્ધર તરીકેનું સ્વરૂપ કેવું અદ્‌ભુત છે.

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજીત

## શ્રાવસ્તી - રત્નપુરી - અયોધ્યા - કોસાંબી - વારાણસીની કુલ ૩૮ કલ્યાણક ભૂમિની પંચતીર્થ યાત્રા પ્રવાસ



**યાત્રા પ્રવાસમાં રૂા. ૫૧ લાખના દાતા શ્રી**
**શ્રી વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)**

## યાત્રા પ્રવાસના રૂા. ૧૫ લાખના સૌજન્ય દાતાશ્રીઓ :-



શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ
(માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)



શ્રીમતી જેમીનીબેન હેમંતભાઈ સાલવી
પરિવાર (સાલવી વાડો)



શ્રી પ્રજ્ઞાબેન દિપકભાઈ શાહ
પરિવાર (કનાસાનો પાડો)



શ્રી સુધાબેન દિનેશભાઈ શાહ
પરિવાર (પોળની શેરી)



શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી
પરિવાર (મનમોહનજીની શેરી)



શ્રીમતી બીનાબેન પંકજભાઈ શાહ
પરિવાર (પોળની શેરી)



શ્રીમતી ચારુબેન રાજેન્દ્રભાઈ ઝવેરી
(મનમોહનજીની શેરી)



શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ
(ડંકમહેતાનો પાડો)



શ્રીમતી પરેશાબેન મહેશભાઈ શાહ
(કપુરમહેતાનો પાડો)



શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
પરિવાર (કુંભારીયા પાડો)



શ્રીમતી મીનાબેન નિતીનભાઈ શાહ
પરિવાર (ખેતરવસી)



શ્રીમતી હેતલબેન ધવલભાઈ શાહ
પરિવાર (કનાસાનો પાડો)

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

**લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ**
**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય**
**દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર**

* રંગમંડપમાં નામ આપવાના — રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. બે કરોડ સાત લાખ)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.
* ચાર ગભારા ઉપર નામ આપવાના — રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ અપાઈ ગયેલ છે.**

* દહેરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

(૧) ડાયમંડ સ્કીમ - (રત્નમય આધાર સ્થંભ) ૫૪ લાખ
(૨) ગોલ્ડ સ્કીમ - (સુવર્ણ આધાર સ્થંભ) ૨૭ લાખ
(૩) સિલ્વર સ્કીમ - (રજત આધાર સ્થંભ) ૧૧.૭૦ લાખ

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે.

❊ નમ્ર અપિલ ❊

પાટણના સર્વ જિનાલયોના ટ્રસ્ટીઓને જણાવવાનું કે આપણા આ નૂતન જિનાલયમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

# શ્રી પાટણ જૈન મંડળ

## પ્રોગ્રામ સમિતિ આયોજિત

**શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર પ્રેરિત**

**સહયોગી દાતા : શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**

**શ્રેષ્ઠીવર્ય સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી (કુંભારીયા પાડો)**

# નૂતન વર્ષ સ્નેહ સંમેલન

## હાર્દિક આમંત્રણ

સમાજના ભાઈ-બહેનો, સૌ સામૂહિક રીતે સાથે મળ્યાનો આનંદ માણી શકે, તેવી શુભ ભાવનાથી શ્રી પાટણ જૈન મંડળ દ્વારા

નૂતન વર્ષ સ્નેહ સંમેલનનું

આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજના સર્વે પરિવારોને પધારવા અમારું હાર્દિક આમંત્રણ છે.

**દિનાંક: કારતક સુદ ૧૧, રવિવાર, તા. ૦૨-૧૧-૨૦૨૫**

**સમય: ૪.૦૦ થી ૭.૦૦ કલાકે**

**સ્થળ : ગરવારે ક્લબ હાઉસ,**

**ડી. રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦**

**અલ્પાહારની વ્યવસ્થા સાથે મનોરંજન કાર્યક્રમ રાખેલ છે.**

(સૂર્યાસ્ત પછી અલ્પાહાર કાઉન્ટર બંધ થશે) (વેલેપાર્કિંગ રાખેલ છે.)

તા.ક. : નૂતન વર્ષ સ્નેહ સંમેલનના વ્યક્તિગત નિમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે નહી.

## શ્રી પાટણ જૈન મંડળ

## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DONOR

### લોનાવાલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી

**Rs. 10 Cr.**

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**

**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

### દેરાસરના મુખ્ય લાભાર્થી

**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

**Rs. 5.25 Cr.**

### મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી

**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**

**Rs. 4.00 Cr.**

### Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ

શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ

### Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી

- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) - શ્રીમતી રંજનબેન (બચુભાઈ) શાહ (વાસુપૂજ્યની શેરી) હ. શ્રીમતી તેજુબેન અને શ્રીમતી રંજનબેન

### Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ ( કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ, હ. શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ

  શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
- શ્રી હેમચંદ્રભાઈ જીવણલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ, એક સદ્‌ગૃહસ્થ
- શ્રીમતી સુધાબેન હર્ષદભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી) • શ્રીમતી મીનાબેન નિતીનભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી) • શ્રીમતી સંગીતાબેન ચંદ્રકાન્તભાઈ મુલચંદ શાહ (સંઘવીનો પાડો) હ. સ્વાતી ચંદ્રકાન્ત શાહ • શ્રી ભોગીલાલ રામચંદ્ર શાહ (જાફુજીવાલા) હ. ચિંતનભાઈ નિતિનભાઈ શાહ (તંબોલીવાડો)

## Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ - હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)
- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ (શામળાજીની શેરી, ખેતરવસી)
- પદ્માવતી માતા - શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- અંબિકા દેવી - શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી-મરીનડ્રાઈવ (મનમોહનજીની શેરી)
- મહાલક્ષ્મી માતા - શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)
- મણિભદ્રવીર દાદા - શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો) USA
- શ્રી વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી જ્યોત્સનાબેન પ્રવિણચંદ્ર શાહ-હ. શ્રીમતી નિકીતાબેન ધિરેનભાઈ શાહ, હર્ષિલ, સુહાની, વિધી, સાગર, કિયાન, આરવ (મહાદેવાજીની શેરી, ખેતરવસી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) - હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ (ખેતરવસી - મહાદેવાજીની શેરી)
  માતુશ્રી ચંપાબેન નેમચંદભાઈ શાહ (ડીસાવાળા) (કનાસાનો પાડો) હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ USA
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા - હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન મનીષભાઈ મજીઠીયા (ખેતરપાળનો પાડો)
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ - હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ - હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ - હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ - હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ - હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવસી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ - હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ - હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી - હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર - હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (જીવદયા વાળા) (કપુરમહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)

# LONAVALA PROJECT SCHEME

**Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાંએ નામ આવશે. ૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે. તેમજ સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં ગભારાના ભગવાન ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૨૫ લાખ રહેશે.

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
૪૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને
રહેવા મળશે તેમજ સાથે સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં એક ભગવાન ભરાવવાનો
અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૧૩ લાખ રહેશે.

**Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 2.25 Cr** ડાયનીંગ હોલ Grand
**Rs. 1.50 Cr** એન્ટ્રન્સ લોબી
**Rs. 1.25 Cr** ક્રિકેટ ગ્રાઉન્ડ
**Rs. 1.25 Cr** લેન્ડસ્કેપ એરિયા
**Rs. 1.25 Cr** હોલ (૨૦૦ વ્યક્તિ માટે)
**Rs. 63 Lc** હોલ (૧૦૦ વ્યક્તિ માટે)
**Rs. 30 Lc** વ્યૂવિંગ ગેલેરી

૫૦ લાખથી વધારે રકમના લાભાર્થીઓ / દાતા શ્રીઓને અન્ય લાભ આપવામાં આવશે
તો વ્યક્તિગત અમારો સંપર્ક કરવા વિનંતી કરીએ છીએ.

દાતા શ્રીઓને એમનું દાન બે વર્ષમાં હપ્તેથી ભરવાનો લાભ મળશે સાથે 80G સર્ટિફિકેટ પણ મળશે.

જે કોઈને લાભ લેવો હોય તે 'વહેલા તે પહેલા' ના ધોરણે નામ આપવામાં આવશે.

**નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા**


શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫
શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી – પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (જેડી.) – ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯
શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ – માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

## નવગ્રહ જિનાલય માટે દેવદ્રવ્યના લાભાર્થી

| | |
|---|---|
| ❖ શ્રી મરીનડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ | રૂા. ૧.૦૮ કરોડ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય-મોટા દરોસર, કનાસાનો પાડો | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ - રતન નગર | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી ફોફલિયાવાડો, પોળની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મહાલક્ષ્મી માતાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય, નાનું દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી ચોધરીની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મનમોહનજીની શેરી | રૂા. ૧૧ લાખ |

# શ્રી પાટણ જૈન મંડળ

**જીવન સૌરભ સમિતિ** આયોજિત

# સુહાના સફર

જીવન સૌરભ
પાટણ સીનીયર સીટીઝન ફોરમ

**ગીત-સંગીત રંગારંગ કાર્યક્રમ**

સમાજના ૬૦ વર્ષ કે તેથી વધુ વયના ભાઈ-બહેનોના મનોરંજન માટે દિવાળી બાદ જુના-નવા ગીતો સાથેનો એક ખાસ રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે તેમાં આપ સર્વેને સહર્ષ સહભાગી થવા વિનંતી છે.

**સૌજન્ય દાતાશ્રી રૂા. ૨ લાખ :-**

શ્રીમતી હીરાબેન પોપટલાલ શાહ પરિવાર (કનાસાનો પાડો)

શ્રીમતી કુસુમબેન સનાલાલ જેશિંગલાલ શાહ પરિવાર (ઝવેરી વાડો)

પુજા નરેશભાઈ નવનીતલાલ શાહ (ભાભાનો પાડો)

રવિવાર, તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૫

સ્થળ: પાટકર હોલ, મરીન લાઈન્સ, મુંબઈ - ૪૦૦૦૨૦

સમય સવારે ૯.૩૦ થી ૧.૦૦ કલાકે

કાર્યક્રમ પશ્ચાત પ્રિતી ભોજનનો અવશ્ય લાભ આપવા વિનંતી

ડોનેશન પાસ વિતરણ વ્યવસ્થા અંગે ઓક્ટોબર માસના પાટણ પ્રતિબિંબમાં વિગતો જણાવવામાં આવશે.

સદર કાર્યક્રમ માટે વધુ રૂા. ૨ લાખના દાતા આવકાર્ય છે.

**વધુ વિગતો માટે સંપર્ક**

- o શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વિમાવાળા) - કન્વીનર : 9323742789
- o શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ (માનદમંત્રી) - 9833116262
- o શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ (માનદમંત્રી) - 9820126885
- o શ્રી કેતનભાઈ હસમુખલાલ શાહ (માનદમંત્રી) - 9820190551
- o શ્રી સુનીલભાઈ શશિકાંત ઝવેરી (સહમંત્રી) - 9820782820

# SHREE PATAN JAIN MANDAL

## Presents
### Patan Box Cricket Season 4

TITLE SPONSOR
**SUCHIT JAYRAJ SHAH**





## PATAN BOX CRICKET

## SEASON 4 - SAVE THE DATE
## 16th NOVEMBER 2025

Champions aren't born - they are made in the box.
join the league, build your legacy!

**Registration starts from :01/10/2025 link will be shared soon**

## *SPONSORS*

| JERSEY SPONSOR | TROPHY SPONSOR | BALL SPONSOR |
|---|---|---|
| DANESHBHAI SHAH MATLIWALA (ZNL Bearings) | RAVIBHAI SEVANTILAL SHAH ( K. SEVANTILAL & COMPANY) | Dr.KRUPALI RAHUL SHAH (Anilaben Anilbhai shah family) |

*Looking For :* • FOOD SPONSOR • VENUE SPONSOR

### *Format & Team Details:*

- Total 10 teams will compete
- Each team 12 - 13 players
- Team owners can bring 10 players of their choice
- Remaining 2-3 players will be allotted by the committee.
- All players must be from patan ( jamai & nephews are allowed )
- Players Registration fees : ₹ 500 per player

**Owners Contribution : ₹ 20,000 Per Team**

### *More Details Please Contact :*

Nilesh Shah: 9167521420 | Chirag Shah: 9819580084 | Jigar Shah: 9819619252

Yogeshbhai R. Shah (Secretary) | Miteshbhai S. Shah (Secretary) | Parag Shah (Jt. Secretary)

# SHREE PATAN JAIN MANDAL

*Presents*

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED



TITLE SPONSOR
THE ROYALEUM

## THE ROYALEUM PATAN
## INDOOR OLYMPICS 2025 SEASON-4

• CARROM • CHESS • BADMINTON • TABLE TENNIS

**VENUE : NSCI, WORLI, MUMBAI**

WE WELCOME EVERYONE TO COME IN LARGE NUMBERS TO CHEER THE PARTICIPANTS FOR BELOW EVENTS :

INDIVIDUAL EVENTS : 11TH & 12TH OCTOBER 2025

TEAM EVENTS : 22ND & 23RD NOVEMBER 2025

GRAND FINALE : 30TH NOVEMBER 2025

**Registration Extended For Team Event upto 13th October 2025**

https://forms.gle/dDHSPXBBRh2gbSzx8

## *Sponsors*

TITLE SPONSOR : DHAVAL SHAH — THE ROYALEUM

CO-SPONSOR KETANKUMAR SHAH J.K. ELECTRONICS

FOOD SPONSOR MANISH SHAH & MEGHA SHAH — ColourCoats

TROPHY SPONSOR DANESHBHAI SHAH MATLIWALA ZNL Bearings — ZNL Since 1996

JERSEY SPONSOR PRAKASHBHAI & DHIRENBHAI PACK PRINT INDUSTRIES PVT. LTD. — PACK PRINT INDUSTRIES PPIL

HYDRATION SPONSOR NIRANJAN SHAH — NEW INDIA CONSTRUCTIONS

KIT SPONSOR PCC — PCC Patan Cricket Club

## *Team Owners*

TEAM-1: MITESH SHAH/ CHIRAG SHAH/ PIYUSH SHAH — RISING STARS

TEAM-2: SANJAY SHAH/ AMIT SHAH — GSTARR JEWELS

TEAM-3: RAHUL SHAH/ KRUPALI SHAH — ULTIMATE WARRIORS

TEAM-4: VINIT NAVINCHANDRA SHAH — THE ALL STARS

TEAM-5: PANKAJ SHAH / JINEN SHAH — V V SMASHERS

TEAM-6: MANISH SHAH / MEGHA SHAH — CC MAVERICKS

*Looking For :* **VENUE SPONSOR**

*More Details Please Contact*

Rajeev Shah : 9821241334 | Devang Shah : 9322238444 | Ketankumar Shah : 9820190551

Yogeshbhai R. Shah (Secretary) | Miteshbhai S. Shah (Secretary) | Parag Shah (Jt. Secretary)

# શ્રી પોપટલાલ ભીખાચંદ સ્મૃતિ વ્યાખ્યાન

શ્રી પાટણ જૈન મંડળ આયોજિત **શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાનમાળાનું તારીખ ૧૭-૦૮-૨૦૨૫ના દિવસે આયોજન કરવામાં આવ્યું હતું.** વિષય હતો જીવનના **પ્રખર ક્રાંતિકારી શ્રી મહાવીર સ્વામી** અને આ વિશે સમજણ આપવા માટે ખાસ અમદાવાદથી **શ્રી દિલીપભાઈ ચરન વક્તા** તરીકે હાજર રહ્યા હતા.

સવારે ૧૦:૦૦ વાગે **શ્રી કેવલભાઈ શાહ** દ્વારા નવકાર મંત્રથી આ કાર્યક્રમની શુભ શરૂઆત થઈ હતી. ત્યારબાદ ખૂબ જ સરસ ભક્તિ ગીતો દ્વારા ભક્તિ થાળ સજાવ્યો આ પ્રસંગે શ્રી મરીનડ્રાઈવ જૈન સંઘ ખાતે ચાતુર્માસ માટે પધારેલા **પરમ પૂજ્ય શ્રી મુક્તેશ્વર મહારાજ સાહેબ** આ કાર્યક્રમમાં પધાર્યા હતા. તેમના શ્રીમુખે માંગલિક આપવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાળાના મુખ્ય **દાતાશ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ** અને તેમના ધર્મ પત્ની **શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ** સહ પરિવાર આ પ્રસંગે હાજર રહ્યા હતા. શ્રી પાટણ જૈન મંડળના વાઈસ પ્રેસિડન્ટ અને પ્રોગ્રામ કમિટીના **શ્રી રોહિતભાઈ શાહે** દાતા પરિવારનું અને ઉપસ્થિત રહેલા સહુનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પ્રોગ્રામ કમિટીના સેક્રેટરી **શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહે શ્રી દિલીપભાઈ ચરનનો** પરિચય આપ્યો હતો તેમજ આભાર વિધિ કરી હતી.

**શ્રી દિલીપભાઈ ચરને** ફિલોસોફીમાં માસ્ટરની ડિગ્રી મેળવેલ છે અને તેઓ બે વાર ગોલ્ડ મેડલિસ્ટ રહી ચૂક્યા છે. પાંચ વિદ્યાર્થીઓ એમના માર્ગદર્શન હેઠળ પી.એચ.ડી.ની ડીગ્રી પણ મેળવી ચૂક્યા છે. કાર્યક્રમને આગળ વધારતા **શ્રીમતી ભાવિનીબેન જનકભાઈ શાહે શ્રી કેવલભાઈ શાહનો** પરિચય કરાવ્યો હતો. **શ્રી કેવલભાઈ** પાંચ વર્ષથી ભક્તિ સંગીતની દુનિયાથી જોડાયેલા છે અને વર્ધમાન સંસ્કૃતિ ધામ વગેરે અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા પણ છે ત્યારબાદ **શ્રી રોહિતભાઈએ** અને **શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહે** વક્તા **શ્રી દિલીપભાઈ ચરનનું** બહુમાન કર્યું હતું અને **શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહનું બહુમાન શ્રીમતી અલ્પાબેન અને શ્રીમતી ભાવિનીબેને કર્યું હતું.** ગાયક **શ્રી કેવલભાઈ શાહનું** બહુમાન આ પ્રસંગે હાજર રહેલા એડમિનિસ્ટ્રેટિવ સેક્રેટરી **શ્રી દેવેશભાઈ શાહ** અને કમિટી મેમ્બર **શ્રી પંકજભાઈ શાહે** કર્યું હતું. ત્યારબાદ **શ્રી દિલીપભાઈએ** પોતાનું વક્તવ્ય શરૂ કર્યું હતું જેમાં તેમણે સાંપ્રત જીવનની સમસ્યાઓની સમજણ આપી હતી અને એને ભગવાન મહાવીર સ્વામીની જીવન દ્રષ્ટિ સાથે સરખાવી હતી. ભારતીય દર્શનના મુખ્ય ૧૬ મુખ્ય દર્શનો દર્શનની ઉત્પત્તિ વિગેરે વિશેની સમજ પહેલી જ વાર શ્રોતાગણને સાંભળવા મળી.

આ પ્રસંગે **શ્રી રોહિતભાઈ શાહે** ''ઈતની શક્તિ હમે દેના દાતા'' આ ગીત ગાયુ હતું. દાતા પરિવાર તરફથી સેવ અને લાડવાની પ્રભાવના કરવામાં આવી હતી. **શ્રી કેવલભાઈએ અને દિલીપભાઈએ** ભક્તિ ગીતો ચિંતનીય પ્રવચન સૌના હૃદયની સ્પર્શી ગયું તમામ શ્રોતાઓ આ કાર્યક્રમમાં ભક્તિથી ભીજાંઈ ગયા.









* * * * * * *


શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત

## શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**અન્નદાન.... પુણ્ય મહાન**

**ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન**

- મુમુક્ષુ વૈયાવચ્ચ યોજના – કાયમી ફંડ રૂા. ૫,૨૫,૦૦૦/–
- મુખ્ય આધારસ્તંભ યોજના ખાતે કાયમી ફંડ રૂા. ૩,૧૧,૦૦૦/–
- સહાયક ભક્તિ ફંડ યોજના – તક્તિમાં નામ આવશે રૂા. ૧,૧૧,૧૧૧/–
- ભોજન ખંડમાં ફોડો કાયમી ફંડ ખાતે રૂા. ૫૧,૦૦૦/– ❂ દૈનિક ભક્તિ રૂા. ૫,૦૦૦/–

❂ સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન ❂ સાધર્મિક ભક્તિ ❂ મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧

સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ * મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ

ADVT

# ધરમપુરની SMSM હાઈસ્કુલમાં સાસ્કૃતિક હોલનું ઉદ્‌ઘાટન

**એમ.એસ.વી.એસ. કેળવણી મંડળ સંચાલિત SMSM હાઈસ્કુલ ધરમપુર ખાતે શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહના (શ્રેષ્ઠીવર્ય સેવંતીલાલ ખેમચંદ શાહના સુપત્રી - કુંભારીયા પાડો)ના જન્મ દિન નિમિત્તે શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ સાંસ્કૃતિક હોલ ''વાત્સલ્ય''નું ઉદ્‌ઘાટન તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના શ્રી પાટણ જૈન મંડળના ટ્રસ્ટી શ્રી ભરતભાઈ એન. શાહ** તેમજ મંડળના **પ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા), શાસન રત્ન દાતાશ્રી શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહ**ના કરકમળો દ્વારા કરાયું હતું.

આ સમારોહમાં ગાયત્રી પરિવાર દ્વારા કરાયેલ પુજાપાઠ મંત્રોચ્ચાર યજ્ઞમાં ઉપસ્થિત મહેમાનોએ લાભ લીધો હતો, ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું ભવ્ય સ્વાગત કરી સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે પરમ પૂજ્ય ભગવંત આચાર્ય શરદભાઈ વ્યાસ ૧૨૫ વર્ષ જૂની SMSM હાઈસ્કુલનું નવું રૂપ આપવા બદલ **શ્રી રાકેશકુમાર શાહ, શ્રી ભરતભાઈ શાહ** તેમજ **શ્રી દાનેશભાઈ શાહ** સહિતના તમામ દાતાઓના શ્રેષ્ઠ કાર્યને વધાવી લઈ પ્રસંશા વ્યક્ત કરી હતી. જ્યારે **ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ** તેમજ **શ્રી રાકેશકુમાર શાહ** સહિતના મહેમાનોએ પ્રસંગ અનુસાર પ્રવચન રજૂ કર્યું હતું. આ અવસરે મુખ્ય મહેમાનો **એસ.કે. પરિવાર મુંબઈ, શ્રી અશોકભાઈ ચરલા, શ્રી મહેન્દ્રભાઈ શાહ, બાબુ પરિવાર, સુનિલભાઈ શાહ, શ્રી વિરેનભાઈ જૈન, શ્રીમદ રાજચંદ્ર આશ્રમના પરાગજી ધર્મુદાદા, શ્રી પરેશભાઈ રાવલ, એમ.એસ.વી.એસ. કેળવણી મંડળના પ્રમુખ શ્રી જીવાભાઈ આહિરે તમામ મહેમાનોને આવકારી આભાર માન્યો હતો.** શાળાના **આચાર્ય શ્રી દિપકભાઈ પટેલે સ્વાગત પ્રવચન** તેમજ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.























# અભિનંદન




**Dhara Mitulbhai Shah** (Dankmehtano Pado, Juhu)
Daughter of Lataben Dipakbhai Shah
I have been elected as the Australia India business council National Education Lead and I hosted a education event yesterday where the Australian Minister of Skills and training Hon Andrew Giles and Indian Minister for skills development Hon Jayant Singh Chaudhary gave special address and in attendance were the High Commisioner of India to Australia and Consul general of India Melbourne. Feeling blessed



Certi. No. WCEPC0020259838
Reg. No. 1689368979399259

WORLD CULTURE AND ENVIRONMENT PROTECTION COMMISSION

Approved by Govt of India

Honorary Doctorate Award

The Evaluation Board of Directors and Chairman of the World Culture and Environment Protection Commission by virtue of the authority vested in them have conferred upon

Dr. Yashwant Shah

Having successfully completed the requirements and therefore he/she is awarded the

Doctorate in Insurance and Investment

(Honoris causa) with all rights and privileges there unto pertaining this certificate is presented on

Date of Issue: 25-07-2025

Certificate (Section 80)
Registration No. 2803
Book No. 4 Vol No. 628
Page No. 80 to 120



**Dr. Yashwantbhai Mahasukhlal Shah**
(Dishawala, Goregan (W) (Kanasano Pado)




**Dhrishay Bhavin Nareshbhai Shah** (Kota wala) Age - 10years Old (Kanasano Pado)

**Dhrishay's** team has achieved first place in the Robo Mission (Elementary Category) Age group - 8-12 years in **WRO(WORLD ROBOTICS OLYMPIAD)** National championship in India @Hyderabad, emerging at the top among 59 competing teams. Remarkably, they are the only team representing India in this category. The team will represent the nation at the WRO (WORLD ROBOTICS OLYMPIAD) International Championship in Singapore.



# દીક્ષા

સંઘ સ્થવિર પૂજ્યપાદ **આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી (બાપજી) મહારાજની** ઉજ્જવળ પરંપરાના સંવાહક ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય નરરત્ન સૂરીશ્વરજી મહારાજા તથા ગુરુમૈયા યશોવર્ધનાશ્રીજી મહારાજની નીશ્રામાં ગામ પાટણના ઝવેરીવાડાના **શ્રીમતી રંજનબેન રાજેન્દ્રભાઈ રમણલાલ શાહની પૌત્રી તૃપ્તિબેન તુષારભાઈ શાહ** (હાલ નવસારી)ની **પુત્રી કુ. કેરવીબેનની ભગવતી પ્રવજ્યાનું મુહુર્ત કારતક વદ બીજ તા. ૭-૧૧-૨૦૨૫ના રોજ વડોદરા મુકામે નક્કી થયેલ છે.**

TOGETHER WE WILL
TAKE JAIN FAMILY
HEALTH CARE TO NEXT LEVEL

# OUR NEW PROJECTS

## Saurabh Medical healthcare

| | | |
|---|---|---|
| **₹ 40 Cr** Total Project Size | **8000+** Jain Families to Benefit | **25000+** Indian Families of Goregaon get Benefit |

## SERVICES

- Pathology
- X-Ray
- Physio
- Sonography
- Reception
- Conference Room
- General Surgery
- Internal Medicine
- Ayurvedic
- Mammography
- General Consulting
- Cardiology Division & Consulting
- Dentist
- ENT
- Diabetes
- Ophthalmology
- Orthopedic
- Homeopathy
- Dermatology
- Pediatric

## WE WELCOME DONORS FOR THE FOLLOWING DEPARTMENTS




| | |
|---|---|
| OT-1 (Angiography) / (Angioplasty) | 5 Cr |
| OT-2 Opthal (Eye Sergary) | 2 Cr |
| ICU Department (6 Bed) | 2 Cr |
| Dental Department | 1 Cr |
| ENT Department | 1 Cr |
| Physiotherapy (5 Beds) | 1 Cr |
| Enterence Hall | 1 Cr |
| Pediatric Department | 0.5 cr |
| Homeopathy | 0.50 Cr |
| Ayurvedic | 0.50 Cr |
| Reception No. 2 | 0.25 cr |
| Delux room no.1 | 0.25 cr |
| Delux room no.2 | 0.25 cr |
| Economy Class 1 | 0.25 cr |
| Economy Class 2 | 0.25 cr |
| Economy Class 3 | 0.25 cr |
| Conference Room | 0.25 cr |

### BENEFITS OF SCHEMES

- 2 Years span to complete the payment.
- Max benefit Under 501C(3)
- Department to be named after your proposed name.

# શ્રી પાટણ જૈન મંડળ
## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના

| | | |
